સુંદર-વેણી.

આવૃતિ પેહેલી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

મુંબઈ:-

ધી રાઈઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ મધે

મહમદઅલી દાઉદખાને છાપ્યું છે

સને ૧૮૯૩. સંવત ૧૯૫૦

કીંમત રૂ૦-૨-૦

નાટક પાત્રો.

પુરૂષ વર્ગ

છબીલદાસ—મુંબઈનો એક ગૃહસ્થ

દીપચંદ—મુંબઈનો એક લક્ષાધિપતિ શેઠ

ધીરજરામ—એક પરોપકારી ડાકટર દીપચંદ શેઠનો મિત્ર

પરશોતમ—થાણાનો એક નામાંકિત વેપારી

સુંદરલાલ—છબીલદાસનો પુત્ર દીપચંદ શેઠને દત્તક આપેલ

નસરવાનજી, વ્યંકટરાવ, ચત્રભુજ, નોતમલાલ—દીપચંદ શેઠના ટ્રસ્ટીઓ

ખોડીદાસ—દમણનો એક શેઠ

અમથો—ખોડીદાસનો પુત્ર

આણંદલાલ—ખોડીદાસનો મુનીમ

બેંકના ડાયરેક્ટરો, સુંદરલાલના મીત્રો, સીપાઈઓ, મારાઓ વિગેરે વિગેરે.

સ્ત્રી વર્ગ

કેસર—છબીલદાસની સ્ત્રી

ગુલાબ—દીપચંદ શેઠની સ્ત્રી

લાડકોર—પરશોતમની સ્ત્રી

વેણીકુંવર—પરશોતમની પુત્રી

જેઠી—ખોડીદાસની સ્ત્રી

વેણીકુંવરની સખીઓ સ્ત્રીઓ વિગેરે વિગેરે

સુંદર-વેણી

નાટકનો ટુંક સાર

અંક ૧ લો.

.મુંબઇમાં છબીલદાસ નામના વણિક આબરૂદાર પણ પૈસાના ગરજુ માણસને ઘેર સુંદરલાલનો જન્મ થયો હતો. સુંદરલાલના જન્મ થયા પેહેલાં જ્ઞાતિના ચાલતા આવેલ જંગલી જુના રીવાજ પ્રમાણે અઘરણીમાં જ્ઞાતવરો કરવામાં છબીલદાસને મારવાડીના કરજે રૂપીઆ કાઢવા જરૂર પડી. વ્યાજ ચડતાં કરજ પુગયું નહીં છબીલદાસ પર સમન્સ નીકળ્યો; અને આબરૂ બચાવા ખાતર કોઇ બીજી જગ્યાએથી પૈસા ઉપાડી લેણદારને ચુકાવવા ફરજ પડી.

દીપચંદ શેઠ નામના તેનીજ જાતના એક પૈસે ટકે સુખી પણ પુખ્ત ઉમરે પહોંચતા સુધી વાંઝિઆપણાનું દુઃખ અનુભવતા ગૃહસ્થને ત્યાંથી થાલ બદલ સુંદરલાલને દતક આપી, રૂપીઆ લઇ લેણદારને ચુકાવ્યા. તો પણ અંતે અંગ ઢાંકવા ફાટું લુગડું પણ રહ્યું નહીં. એવી સ્થિતીએ આવી પોહોચ્યો, આબરૂમાં હાની થવા લાગી, આવી દુઃખદ સ્થિતિને લીધે તેણે મુંબઇ છોડયું. મુંબઇ છોડતી વખતે તે પોતાની પતિપ્રિયાની છબી ધીરજરામ નામના, પોતાના સ્નેહી ડાકટરને આપા ગયો કે વખત આવે, સુંદરલાલનાં ખરાં માતા પિતા કોણ અને કેવાં હતાં તે ઓળખાવે.

અશુભ વખતે સર્વ અશુભજ બનેછે. આ વખત થાણામાં પરશોતમ કરી શેઠ પોતાની પુત્રી વેણીકુંવરનું વેશવાલ સુંદરલાલ સાથે કરવા વિચાર કરતો હતો પણ આ ખબર તેને મળવાથી તે અળસાવી દીધું ને હમણુમાં ખોડીદાસના છોકરા અમથાનું માગું મોકલ્યું.

દીપચંદ શેઠની સ્ત્રી ગુલાબ સુંદરલાલને પોતાના ફરજંદ પ્રમાણે પુર્ણ જનેતાના પ્રેમથી લાડમાં ઉછેરતી હતી. કમનસીબે ગોલ્ડમાઇનીંગ કમ્પની તથા ડાયમન્ડ બેંકના ભાંગવાથી તેમાં બીરલ પૈસા જવાથી લાગેલ મનના ધક્કામાં દીપચંદ શેઠ અંતની

સ્થિતિએ પહોચ્યા. ગુલાબ ઘરમાં હાજર ન હોતી. સુંદરલાલ બાળક હોવાથી પોતાની મીલકતનું વીલ કરી, સુંદરલાલ, તથા ગુલાબને ત્રસ્ટિઓના હાથમાં મુકી પોતાપર આવી પડેલી આફતનેમાટે હાય વોય કરતાં તેણે પ્રાણ ત્યાગ કર્યો !

અંક ૨ જો.

સુંદરલાલ જોકે પુખ્ત ઉમરનો નહીં તો પણ સારી રીતે સમજણો થયો હતો; અભ્યાસમાં સારી કેલવણી લઈ મેટ્રિક્યુલેશન પસાર કરી, કોલેજમાં દાખલ થયો હતો; આવામાં અકસ્માતથી તેના અભ્યાસમા વિઘ્ન આવ્યું. ચલીત અવસ્થામાં વીલમાં દીપચંદ શેઠ બીલકુલ ગુલાબ બાઇનું નામ દાખલ કરવું ચુકીજ ગયા હતા. ત્રસ્ટિઓના બદધાનથી દીપચંદ શેઠની મીલકત ખરચમાં વપરાતી દેખાઇ; અને સુંદરલાલને પુનાની કોલેજમાં થોડા ખરચે અભ્યાસ થાય માટે ત્યાં મોકલવા, અને ગુલાબબાઇને સુરત જવા ત્રસ્ટિઓ તરફથી હુકમ થયો. પરાધીન મા બાળકને લાચારીથી તેમ કરવુ પડ્યું. પુને જતી વખતે સુંદરલાલને થાણેથી મુંબઇ આવતા ડા. ધીરજરામ મલ્યા, તેમણે તેને તેના પિતા તરફથી સોંપાયલી છબીનું એક સીલ્ડ પેકેટ આપ્યું. તથા તે જીવસમાન જાળવી રાખવા ભલામણ કરી. પાછળથી ત્રસ્ટિઓએ ખોટાં ખોટાં નામાં લખી, ખોટું ખરચ તથા કરજ બતાવી દીપચદ શેઠની મિલકત પોતે ખરીદી, અને કિમતના પૈસા કરજમાં પુર્યા બતાવ્યા. સુંદરલાલતથા ગુલાબબાઇનો પગાર બંધ કર્યો. સુદરલાલ તેનો તપાસ કરવા ગયો; ત્રસ્ટિઓએ દાદ આપી નહી; જેથી નિરાધાર બિચારા સુંદરલાલને પેટના ગુજરાનને માટે નોકરી શોધવા શીવાય રસ્તો રહ્યો નહી.

ઉપર કહ્યા મુજબ થાણાના પરશોતમની દીકરી વેણીકુંવરનુ વેસવાલ દમણના ખોડીદાસના દીકરા અમથા સાથે થયું હતું. પાછળથી અમથો મુર્ખ કદરૂપો તેમ બાળક રહ્યો. વેણીકુંવરના પિતાએ બાળપણામાં સગપણ કરી કમલ કાંટામાં વાવ્યું હતું. લગ્નની મુદત પાસે આવી: પોગળ પ્રકાશ ન થાય, માટે

અમથાને બદલે બીજા કોઇને કંઇ લાલચ આપી, પરણાવી દેવાની ગોઠવણ તે કરવા લાગ્યો. તેના મુનીમ આણંદલાલે તે કામ માથે લીધું, વખત વર્તિ આણંદલાલે પોતાની જાળનું માછલું સુંદરલાલનેજ બનાવ્યો. નોકરીના ગરજુ ને બાળકબુધ્ધી સુંદરલાલને તેનું કપટ સમજાયું નહી; નોકરીની લાલચમાં લપટાતો જોઇ ખોડીદાસે તક સાંધી, તેને પુરી રીતે ફસાવી લીધો. થોડા સમય પછી વખત આવ્યો અને અમથા ભાઇને બદલે સુંદરલાલ તે કમળનો ભોગી ભ્રમર બન્યો. નિમકહલાલ નોકર શયનગૃહમાં વેણીની મનહર મુર્તિ જોઇ ડગ્યો નહીં. પ્યારની વીંટી એંધાણી દાખલ પરસ્પર બદલાવી, કરેલ ઠરાવ પ્રમાણે શયનગૃહમાંથી બહાર નીકલી આવ્યો. અમથો દાખલ થયો બાળા ગભરાઇ. દગોજાણી નાઠી, તેવામાં ખબર મળીકે પોતાના ખરા પતિનો હકધરાવનારને જંગલમાં કાઢી, આણંદલાલે મારવા માટે પાછળ મારા મોકલ્યા છે. આ ખબર મેજીસ્ટ્રેટને પહોચાડી મદદ માટે માગણી કરી, પોતે તેને શોધવા ગઇ. આણંદલાલનું કપટ સુંદરલાલના જાણવામાં આવ્યું. તે છુપાઇ રહી બચી ગયો, પણ તેવામાં વેણીકુંવરનો રથ આવતો સાંભળી, આણંદલાલના મારા તેને લુંટવા તૈયાર થયા સુંદરલાલ વચમાં પડ્યો. તેને ઘા વાગવાથી તે ઘાયલ થયો. એટલામાં મેજીસ્ટ્રેટને મળેલા ખબર પ્રમાણે શોધ કરવા મોકલેલી ટુકડી આવી પોહાંચી અને તેને બચાવ્યો.

અંક ૩ જો.

સુંદરલાલ વેણીકુંવર આદીને મુંબઇમાં લાવવામાં આવ્યાં. સુંદરલાલને મુંબઇ ઓસ્પીટાલમાં રાખવામાં આવ્યો. આંહી ઇગ્લંડથી હમણાજ પાછા ફરેલ ડા. ધીરજરામ હેડ સરજન હતા. સુંદરલાલના સનેપાતના લવારાથી ડાક્ટર ત્રસ્ટિઓનું કપટ વેણીકુંવરને દગો દીધો, આણંદલાલનું તરકટ, આદી બાબતથી વાકેફ થયા. ત્રસ્ટિઓથી જુદા પડેલા નીમકહલાલ નૌતમલાલ સાથે વાતચિત થતાં આણંદલાલ નૌતમલાલનો ભાણેજ છુપાઇ મુંબઇમાં આવી રહેલો તે ડાકટરને જાણ પડી આણંદલાલને પોલીસને સ્વાધીન સોંપવાની ધમકી આપવાથી તેણે સર્વ બાબત જાહેર કરી. વેણીકુંવર પણ પ્રેમીના વિયોગથી મોટી માંદગી

ભોગવતી હતી. ત્યાંથી પણ ધીરજરામ ડાકટરે કેટલીક માહેતી મેલવી. સુંદરલાલ વેણીકુંવર જરા ઠીક થયાં ગુલાબ બાઇ પણ આ વખત ત્રસ્ટિઓ પાસેથી પોતાની મીલકતનો ખુલાસો પુછવા આવી હતી. નૌતમલાલે ત્રસ્ટિઓપર વારંટ કહ્યું. છબીલદાસ સુંદરલાલને મુંબઇ મળવા આવે છે એવો તાર ડાકટરને મલ્યો. મા બાપને ઓળખાવવા, ત્રસ્ટિઓનો પ્રપંચ દેખાડવા, આદી વિચારથી ડા. ધીરજરામે સુંદર લાલ સબંધમાં બનેલી બીનાનું નાટક રચી, સંસાર "તત્વદર્શક" નાટક કમ્પનીને ભજવવા આપ્યું. કંઇ કંઇ યુકિતઓ કરી સુંદરલાલ વેણીકુંવર ગુલાબ ત્રસ્ટિઓ આદીને જોવા તેડાવ્યાં. રંગભુમિપર છબીલદાસની દુઃખદ સ્થિતિ, દીપચંદ શેઠનુ મરણ ત્રસ્ટિઓની ઠગાઇ, નૌતમલાલની વફાદારી, વેણીકુંવર સાથેનો દગો, આણંદલાલનો દગો, આદી અથથી ઇતી સુધી આબે હુબ ભજવ્યું. સર્વેએ પોતાની લાગણી દબાવી જોયા કીધું પણ સુંદરલાલને મારવા ખુનીને ધસતા જોઇ હૈયું હાથ ન રહેતાં વેણીકુંવર હાય પોકારી દોડી. ગુલાબ પણ તેજ વખત સુંદર લાલનું નામ સાંભળીતા સ્ટેજ તરફ દોડી પાણ તેજ વખત સુંદર લાલ પોતાની જગ્યાએથી દોડી માતાને ભેટી પડયો વીંટી જોતાં વેણીકુંવરને ઓળખી, પતિ પત્નિ મળ્યાં. ગુલાબ ડાકટરનો ઉપ કાર માનતી પુત્ર તથા પુત્રવધુને જોઇ આનંદમાં ગળકાં ખાવા, લાગી. નાટકમાં જોયા મુજબ પોતાનાં ખરાં માતા પીતા કોઇ બીજાંજ છે જાણી તેમને મળવા સુંદરલાલની ઇચ્છા થઇ ડાકટરે પેકેટ ખોલવા કહ્યું ખોલી જોઇ ઓળખ્યાં. તેવામાં ગાડી માંથી ઉતારી ખેલ જોવા બેસાડેલાં છબીલદાસ કેસર દોડી આવ્યાં બાપ દીકરો મલ્યા, માતાએ પુત્રને સ્નેહથી તેડી લીધો, વેણીકુંવર સાસુ સસરાને પગે પડી, છબીલદાસ કેસરે ન ધારેલું સુખ આજે અનુભવ્યું. નામદાર શાહુકાર ઠગોને પકડવા વારંટ સહિત કોનસ્ટેબલ મેલાવડામાં હાજરજ હતો તેણે ત્રસ્ટિઓને પકડયા. ત્રસ્ટિઓએ સુંદરલાલ ગુલાબ આદીની માફ માગી, રહેલા પૈસા પાછા સોંપવા વચન આપ્યું. ધીરજરામ ડાકટરે જામીન પડી તેઓને છોડાવ્યા. અંતે સર્વજણ ડાકટરનો ઉપકાર માન તાં આ આનંદમાં નિમગ્ન થયાં.

૬૦૧૮

સુંદર-વેણી.

અંક ૧ લો.

૧

છબીલદાસ—ગીરીધર બ્રીજધર મુરલીઅધર ધર
ધરણીધર માધવ પીતામ્બર શિશ મુગટધર કંઠ બેખધર. ગીરીધર.
કર ધર કમળ પુષ્પ સારંગધર ચક્ર ગદાધર અધર સુધાધર
કૌંબ કઠધર કૌસ્તુભ મણીધર ગીરીધર
વિપત્ત વિભુ તું હર દુઃખના સમયપર પ્રભુ તું નજર કર વિકટ
આ અવસર.
નટવર કર ધર કલ્યાણ કૃપા તું કર ગીરીધર.

૨

કેસર—વાહરે રસીયા રંગીલા પ્રાણ મારા
જાઓજી જાઓજી લાવોજી લાવોજી
[illegible]—વાહર

છબીલદાસ—
જા કુમારી જા કુંવારી હવેલી ઉંછાંછળી નાદાન પ્યારી જા જા
કામણગારી છલકારી રસિકનારી.
કેસર—વાહ વાહ વાહ વાહ
વાત ન બનાવો જાઓ જાઓ પ્યારા પ્યારા પ્યારા—વાહ

૩

સ્ત્રીઓ—ગરબે રમવાને ગોરી નિસર્યાંરે લોલ,
રાધિકા રસિલી જેનું નામ અભિરામ વૃજ વાસણીરે લોલ;
તાળી દેતાં વાગે ઝાંઝર ઝુમખાંરે લોલ.
રમે રમે ગોકુળની નારી પીયા સંગ પ્યારીરે,
ઘુમે ઘુમે સ્યામા ને સ્યામ તેવર જાઉં વારી રમે સાહેલીરે; રાધિકા.
સજી સજી સોલે શણગાર ઠમકતી ચાલેરે
ભજી ભજી નંદલાલનું નામ ગોકુળીએ ગામ અતિશે મ્હાલેરે. રાધિકા.

૪

છબીલદાસ—ચેન પડે ન જરી કાળ પલટયો શું હાયે !
આફત આશી મુજ પરેરે—હાયે ચેન.
વૈભવ વિવિધ માંહે વસતો હું ક્રૂર કાળે રંક હાલત આફત
ત્રિયા હઠે હાયે કર્જમાં ઉતરૂં રડવડું તરફડું હાળો દુઃખવારી-હાય ચેન
રાજા ને તું રંક કરેછે ભિક્ષુકને તખ્ત વખ્ત દેખાડે
વારા ફરી દીન રાત્રી થાયે જેમ મારૂં મન માની હરી
ઉગારૂ દુખે દબાય—હાય ચેન

૫

બ્રાહ્મણ—હાય ધાય છે ખુવાર બહુ બને છે લાચાર
અંતે ફળ ન લગાર તોય કરેછે ન્યાતવરા
ખરા સુખનો આધાર પૈસા ઉડાડે અપાર
ન રહે પસ્તાવાનો પાર કરે ન્યાત વરા નવરા
દાડો કરે વેચી વળી મોક્ષની ન ચીઠી મળી
તોયે રીત ચાલી અવળી થાશે કયારે સવળી—હાય

૬

બને બ્રાહ્મણ—અલ્યા રોકેછે શીદને જાતાં આમ,
સિપાઇ—ચુપ ચુપ ચુપ
બ્રાહ્મણ—વાહ વાહ વાહ ; અલ્યા.
સિપાઇ—કયું લુચ્ચે તુમ લડતે પાજી, લે ચોકીપર કરં હરાજી ;
બ્રાહ્મણ—સિપાઈ સાબ મુકો જવા દો
હાય, હાય, હાય, હાય ! અલ્યા
૧ લો બ્રા—નાના સાહેબ આ લડનારો,
૨ જો બ્રા—નાના સાહેબ આ વઢનારો,
૧ લો બ્રા—સિપાઇ સાબ મુકીદો મુજને,
અરર બાપ મ્હારા મારી નાંખ્યોરે ! અલ્યા.

૭

કેસર—રહે પ્રાણ તું મારા છાનો બાપુ રાખ સુકન વ્હાલી માનો;
શાને કારણ રોશે ભરાણો રે સુઇજાને વીરલા મારા,
ગાઉં ગુણ હું પ્રીતથી તારા રે ! સુઇજા.
અનુપમ કાન્તિ છે રૂપાળી અતિ ભાવથી રહું છું નીહાળી,
તેની આંખડી આંજુ કાળી રે સુઇજા. ગાઉં.

૮

કેસર—હાય અસહ્ય સંકટ શિર આવ્યું, હરી હરી ઝાલો હાથ;
જાય નહીં ઉડી જીવ વેરી, પાપી દુઃખી જોઉં નાથ;
કાળ મુખો મુજ પીયુને દમશે રૂદય ચુરા થઇ જાય.
મંદ ભાગી પતિ દુઃખમાં નાંખ્યા પ્રભુ કરોને સહાય.

૯

છબીલદાસ-ગરીબાઈ નીચો નમાવે સજ્જનને દુઃખી દુઃખી બનાવે,
હરી એવી દુઃખી અવસ્થા શત્રુને કદીપણ સ્વપ્ન મહિ
નહિં આવે.
જાય તરંગર ઘેર કદી તે ધમકી દઈ ધમકાવે—હરી.
ન કરવાનાં કામ અરેરે રંક અવસ્થા કરાવે—હરી.
માન અને સન્માન મલે નહિ કોઇ ન તેને બોલાવે-હરી.

૧૦

દીપચંદ—ટીખળ ચાલ્યું છે મજાનું સુધારાનું પરિબળ પથરાણું
પતિનું બોલ્યું બોલ્યું પાણીમાં સ્ત્રીનું કહ્યું થવાનું ;
પુરૂષ થયા વશ બાનું સ્ત્રી નચાવે તેમ નાચવાનું
રહે ભભકામાં તો મરી આખરતો ઢીંગ ઢીંગાણું—ટીખળ
કરશે ભાષણ ગાયણ પણ તેમાં શું રંધાણું ?
રાગ વિના જેમ ગાણું લુણ વિના જેમ ખાણું ;
એ કલ્પના મેં તો કરી બદાને બહુ વહાલું નાણું-ટીખળ

૧૧

દીપચંદ—જન્મ તણું ફળ ફોક થયું હા જીવિત વ્યર્થ ગયું;
કુસુમ સમા સુતકેરા મુખનું દર્શન હા ન થયું !

રહ્યું વાંઝિઆ મેણુ શિરપર સુખ કોઇ ન જુએ.
શાન્તિ મળી નહીં આ ભવમાં નહીં સદ્ગતિ મારી સુવે!"
ખોળે લઇને પુત્ર અવરનો પામું હું આનંદ,
વિધી રઠયો ત્યાં કરૂં શું બીજું ભાગ્ય હીણો મતિમંદ.

૧૨

ગુલાબ—સુઇજા સુઇજા મારા લાડકવાયા બાલુડા
* * * *

હેને ગાઉં હાલરડાં હું મારા વીર
હુલાવું ઝુલાવું ખમા ખમા બાલુડા * સુઇજા.
* * * શું થાયે આમ અધીર !
* * * નેણે આણ ન નીર.
હાલો વ્હાલો ઘેલા કાલા મારા બાલુડા * સુઇજા.

૧૩

પાનડી—તારા દલડામાં દળદર પેઠું દારૂ પીવો દારૂ પીવો
લટપટ કરતું દારૂમાં તું ડુબે જીરે ;
હીતીઆ—તારા મનડામાં ભુત ભરાણું દારૂમાંતો દારૂમાંતો દળદર
દેખે દારૂમાં બળ બહુછે જીરે ;
પાનડી—તારા અંગડામાં આળસ આવ્યું દારૂ સારો દારૂ સારો
ખટખટ કરબહુ દારૂમાંતું ડુબે જીરે ;
હીતીઆ—તારા પેટડામાં પાપ સમાણું દારૂ ઝેરી દારૂવેરી નિંદા
કરબહુ દારૂમાં ગુણ બહુ છે જીરે ;
પાનડી—તારા બાપલાનું પુન્ય પરવાર્યું દારૂપેખી દારૂદેખી તલપ
કરે બહુ દારૂ દેશે ફુંકી જીરે ;
હીતીઆ—આખી દનીઆનું ડાપણું આવ્યું દારૂનંદે દારૂનંદે
શેખી કર બહુ દારૂ રંગ ચડાવે જીરે ;
પાનડી—તારા નામનું તો મીંડુ મુકાણું દારૂ સારો દારૂ પ્યારો
ઝટપટમાં તો દારૂ જીવડો લેશે જીરે

૧૪

છબીલદાસ—દુઃખનો ન મ્હારા પાર, પ્રભુ આશી દશા થઈછે;
સુજે કંઇ નહિ હાય અરેરે ! દુઃખ
પડતી પર પડતી પડતાં, મુજ શાન્તિ ગઇછે સુજે.

૧૫

છબીલદાસ

અરે થઇ મારી ગતિશું સુઝી હાય આવી મતિશું—પ્રભુ
ન્યાત વરાનો ભોગ થઈ ને ભોગવું છું ક્ષતિ હું—પ્રભુ
પુત્ર ધરા ધન સહુ એ ખોવાં આગળ સ્થિતિ હતી શું—પ્રભુ,

૧૬

લાડકોર—પુત્રી પડી પેટ અસહ્ય શીરભાર,
માબાપને ચિંતા તણો નહિ પાર ;

પુખ્ત વયે પતિ યોગ્ય મળે નહિ,
શાન્તિ ન માત પીતાને લગાર ;

સાસરીએ સુખ સંપત્તિ મળશે,
કે ટળવળશે બાળા સકુમાર ;

સાસુ નણંદથી હળીમળી રહેશે,
કે કલેશ હમેશ થશે એ વિચાર.

૧૭

પરશોતમ—શું અધીરી પ્રાણ ફિકર કંઈ ન તારે
નહિ કદી પ્રભુ એ બાળને વિસારે
પુત્રી પહેલાં પતિ પ્રથમ એહ ધારે
માનવયત્ન વ્યર્થ કાં ન તું વિચારે

૧૮

પરશોતમ—

વાહરે તું ભોળીમારી દુઃખતજી સુખસજી ધશભજી ખુશીખુશીથઃ
લાડકોર—આનંદ આનંદ આજ કર્જ ઉતાર્યું ચાલો ચાલો ચાલો-ભોળી
પરશોતમ—ચિંતા દે વીસારી પ્યારી પીતું શાન્તિ વારી
તજ ફિકર દુઃખ ન ધર આવાર આધાર તું
પ્રાણ પ્યારી તું લડાવજે વધાવી લે દીન આ
લાડકોર—અહોહો દીન સુખકર
બાળ વરશે શુભ અવસર
જોઉં હર્ષે સુંદર વર
ટલ્યો તાપ મુજ પ્રિય દુઃખદ આ—રે તું ભોળી

૧૯

વેણી—છે પ્રીતી વડે બંધાણો,
સખીઓ—પ્રિય લાગે પ્રીતીનાં બાણો ;
વેણી—એ સમજે ભ્રમર શાણો,
સખીઓ—પણ પ્રેમ વડે સીકરાણો.

* * * *

નહિ નહિ મધુકર એ તારો તારો મધુકર છે ન્યારો
વેણી—મોટા મારો મને તાનો છે

૨૦

વેણી—પારણામાં બાળબાળા હજુ શબ્દ બોલે કાલા,
નાખે સંબંધે ગાળા કેવા જો ધારા રૂપાળા !
મુગ્ધા રંડાઈ પડે નીસાસા નાખી રડે !
હૃદય કામ જવાળા બળે કેવા !
સાધ્વી સ્ત્રી દુઃખે ઝુરે કુલટા વ્યભિચારે મરે,
કુળ કલંકે ભરે કેવા ?

૨૧

વેણી—જા જારે ધુતારી જા જારે ઠગારી લુચ્ચી જા બિચારી જાજા.
સખીઓ—વાહ વાહ વાહ વાહરે લટકાળી મચકાળી કાળી આંખવાળી
છબીલી રંગીલી રસીલી બોલી જાજા—જાજા.
આલી રસ ભીની રસીક સંગ રંગ રમનારી,
વેણી—વારી વારી કહું ટેવ તમારી નઠારી.
સખીઓ—વાવારે ખુમારી જા. જાજા.

૨૨

નસરવાનજી—

કર નજર હમપર તું પરવરદીગાર મરે લાચાર સટાને માર,
હાય કરે એ ખુવાર હાય સટો સટો સટો સટો !
ખુબી કાયદાની કુટાય ઈમાની, જીતાય તોફાની
ન કોઈ દાદ લેનાર.

૨૩

સુંદરલાલ—મમતા મુરખ તું મુક નહીં કંઈ તારું રે,
ધન ધામ ધરા તન નાર માન ન મારું રે ;

મુસાફર માનવ દેહ રસ્તે સાથી રે,
છે પંખી માળા મોઝાર જેમ સંગાથી રે;
પ્રભાતે વિખુટાં એહ સહુ થઇ જાશે રે,
કલ્પાંત કરે જીવ બાળ પણ શું થાશે રે;
છે એક સત્ય હરીનામ ભજ ભજ ભાવે રે,
દેશે મુક્તિ સુખધામ નાથ રીઝાવે રે.

૨૪

અંક ૨ જો.

વ્યંકટરાવ—ત્રસ્ટી આમ્હી સરદાર, જવાબ ના દેણાર,
ભરતો પોટ આપુલે, ત્યાલા કરની કર્જદાર;
કશી હી આહે બહાર, ઝાલા બેડા આમચા પાર,
અમન ચમન કરૂં આતાં, નકોણી વિચારણાર;
ત્સા ધન્યાચે ખરદાર, હોઈ ઉડવુની ઉદાર,
ત્રસ્ટી ત્રસ્ટી ત્રસ્ટી કસે હુશાર !

૨૫

વ્યંકટરાવ—પાહા તો આતાં હોણાર રે,
નસરવાનજી—ભાર કેનો ભાર છે,
ત્રસ્ટીને કહો કોણ પુછનાર છે !
ચતરભુજ—પુછણવારો તો વિયો,
નસરવાનજી—જહાનમમાં પ્હોંચી ગયો,
વ્યંકટરાવ—કાંહી ફીકર કરૂં નકા
નસરવાનજી—બસ બેડો પાર રે;
ચતરભુજ—આઉં
ખાઉં
નસરવાનજી—ઓઈયાં કરી જાઉં,
વ્યંકટરાવ—યસ, દાદ નાહી મી દેણારરે, ચલા આતાં તુમ્હી તીથે,
ચતરભુજ—હલો વેંચી ગીતું મીડે
નસરવાનજી—યજદાં આયે કામે બસ મદદગાર છે.

૨૬

સુંદરલાલ—વિદ્યા તણું ચહું હું પ્રિતે દાન,
એથી માન એથી સાન સત્યભાન જગજ્ઞાન-વિદ્યા.
આ ભવસાગરમાં નાવ ખરે વિદ્યા વિદ્યા વિદ્યા.
સાચો પૈસો સાચું સુખ ખરે વિદ્યા વિદ્યા વિદ્યા.
વિના જન પશુ સમાન—છે હેરાન ધરું ધ્યાન,
માતા વિદ્યા શાતા વિદ્યા ભ્રાતા ભગીની માનું વિદ્યા ;
રહું સ્નેહે વિદ્યા વિદ્યા દેવી વિદ્યા વિદ્યા—એથી.

૨૭

ગુલાબ—હાય હું હેરાન થઇ ધિર શું ધરૂં ?
બાવરી પતિ વિનાની હું રહું છું છાની માની,
વિયોગ હાય ના વેઠાય, ગાભરી ફરૂં; હાય !
પુત્ર રહે પરદેશે, બાળદુઃખ ક્યાં કેશે !
મન મુંઝાય કે ગભરાય વિચાર એ કરૂં. હાય !

૨૮

ગુલાબ—ધિક્ક તમારી જાતને રે, ધિક્ક તમારી રીતભાત,
પાપી જાઓ જાઓ અહીંથી;
વિશ્વાસ રાખ્યો તમો પરે રે, તેનો કરો તમો ઘાત; પાપી.
લુચ્ચાઇ જાણી તમારી મેં એ લજવ્યાં તમે માત તાત; પાપી.
પુત્ર મ્હારાથી વિખુટો પડાવે, તેને મારૂં હું તો લાત. પાપી.

૨૯

સુંદરલાલ—જ્યારે દુઃખ આવે મતિ ગતિ ગુમ થાયે,
કોઈ નહીં કરે સહાય હાય સુખ થશે ક્યારે ? જ્યારે.
સાધન નહીં કાંઈ, સુખ પણ દુઃખ સમાન
મારી ગતિ તેવી હાય થઈ !
કશું ન સુજે કરૂં શું હું ત્યારે ! જ્યારે.

૩૦

સુંદર—વાવારે આતે કેવી રીત !
વેણી—થાઉં અજબ જોઇ પ્રીત ! વાવારે

સુંદર—આશું કરો !
સખી—વાહ નખરો !
વેણી—વાંક થયો શું મારો
સુંદરલાલ—દ્યો જાવા કાં વારો !
ખસ.
વેણીકુંવર—અહં હં હં
સુંદરલાલ—ખસ.
વેણીકુંવર—વાહ વાહ વાહવા.
સુંદરલાલ—ખસ.
વેણીકુંવર—નાના નાના.
સુંદરલાલ—
ખસ ખસ શોધ થશે મારી હું હાર્યો લે તુજ જીત. થાઉં

૩૧

વેણી—જોબનના રંગમાં ઝુલે.
રમશો ના જોઇશ મનમોહનની સંગ—રંગમાં.
છણકો કરતી છેલ છબીલી ઠપકો દે થઉ દંગ !
સખી—તુજસમ નાના શરમ મુકીએ.
વેણી—જો જો મચાવશો જંગ—રંગમાં.
મદન રંગથી પ્રફુલિત થાશે ચંપાએલ આ તંગ,
સખી-મ્હાલશું ચાલશું પ્રીતમ પ્રીને પણનહિ આવે ઢંગ(થી)રંગમાં.

૩૨

સ્રીઓ—ઊંચી ઊંચી મેડી મ્હારાં ઘરરે વિવાતીઆં—કાંઇ
ત્યારે ઢળાવો રાયના ઢોલીઆરે;
એરે ઢોલીએ મ્હારો અમથો ભાઇ પોઢશે—કાંઇ
વઉરે વેણી વઊ વાયરા ઢોળશે રે;
વાયરા ઢોળંતાં ગોરી વાત પુછંતાં—કાંઇ
નણદી ને પાડોસણુ ન રાખીએ રે.

૩૩

સ્રીઓ—થાળી ઢમકી રે હરીના હાથ મળ્યા,
ઢોલા ઢમકયારે હરીના હાથ મળ્યા;
જેમ ઇશ્વર પારવતિના હાથ મળ્યા,
તેમ અમથા ભાઇ વેણી વઊના હાથ મળ્યા, થા.

૩૪

સ્ત્રીઓ—લાડો લાડી જમેરે કંસાર, કંસાર કેવો ગળ્યો લાગેરે!
પીરસાઇને આવ્યો રૂડો થાળ લાડકોર ઉભી ટળવળેરે;
દીકરી મને આંગળી ચટાડ. કંસાર
મા તું તો પરણી છો કે ના! કંસાર

૩૫

સ્ત્રીઓ—એક ઝારા ઉપર ઝારીરે, એનો લાડલી થઈછે અમારીરે!
મારી જેઠી વહુનાં કલ્લાં કરશેરે, લાડકોર વેવાણના બોલ-
નેવે ધરશે રે;
ખોડીદાસ ભાઇનાં કલ્લાં કરશેરે, પરશોતમ વેવાઇના બોલ-
નેવે ધરશે રે.

૩૬

અમથા—જા તું બાપો મારો નહિ.
મારી વહુનું નામ લીધું તેમાં કર્યું ઉધું ચતું શું?—જાતું.
અંહ: અંહ: કરી ઘેર ન આવું મનાવે બહુ બહુ તું,
ભૂલ્યો બાપા ભૂલ્યો તું હું કહે ત્યારે ખાસડે મારૂં હું;
જા અહિંથી જલ્દી જલ્દી જા મારી-જાતુ

૩૭

વેણી—કોને સ્વામીજી શાને રીસાયા હો પિયુ શીદને ઉતારી લીધી
માયા!
દીધી પ્રેમેથી શિતળ છાયા, સોંપી સ્નેહે મેં મારી કાયા;
બોલો મુખેથી આનંદ થાયે, હો પિયુ મનની મુંઝવણ સઘળી
જાયે,
ક્ષણના અબોલામેંથી સહેવાયે, બોલો બોલોજી દાસી મુંઝાયે
હદ થઈ સ્વામી નહીં દુભાવો હો પિયુ વાંક થયો શું
મારો આવો!
શું છે ભરમ કાંઈ સમજાવો, બેઠી બેટડી લીઓ લ્હાવો.

૩૮

સુંદરલાલ—

શું કેમ આ કરવા ધાર્યું, બાળ મતિમાં કાંઇ ન વિચાર્યું ! શું
કોમળ કમળ ગૃહી કરમાવે કોણ બીજે એવો મૂઢ કહાવે ?
દયાહીણુ દયા નામ વિસાર્યું ! શું ?
થયો પાપી પુરો દુઃખદ વખતે, જાશે ઝુરી મરી હરી એ તજતે !
હાય હેરાની મીન મેં માર્યું ! શું ?

૩૯

વેણી—પ્રફુલિત વદન પ્રિય નિસ્તેજ થયેલ છે શાચ તણો હેતુ રહેલ
છે રહેલ છે;
પ્રિયા મુખ દર્પણુ કાન્ત વદન જુઓ, છબીછાક આંખી
રહેલ છે રહેલ છે;
બોલો કાંઇ પ્રિતમ ચરણુ શિર મુકું, છુપાઇ પ્રીતી કાં રહેલ
છે રહેલ છે.

૪૦

જમુ—હરિ હરી ના શા ભ... ।
મન ધરી હરિ તું મયા, ભર દરીએ ડુબતી ! ધ્યાન ધરી
ધા મદદ. હે હરિ.
સુખદા દે વિભૂ શાન્તિ બાળ વિચાર તું દીન આધાર છો.
ભીડ હરતા,-શુભકરતા—તારબાળ સ્મરતી-હે દેવા !
તુજ પ્રતાપ અકળ પ્રભુ ! વિશ્વે અજબ ! હે હરિ

૪૧

વેણી—જા તોફાની અહીંથી જા કરું તુને હું તો ઠાર,
જા જા નીકળ જલ્દી બહાર તું, જા જા હરામી—બીક
નીચ જાણી—છોડી દે નાદાની—ગુમાની—જા માની;
અમથા—ના ના ના. જા.
આમ સતાવે તું આમ મુઝાવે શું કહું હવે તું તો માન
વેણી—જા પાસથા મારી—જા જા અવિચારી—તું તોફાની અહીંથી જા.

૪૨

અમથો—રોયો રોયો રે રોયો હું તો વગર રડાવ્યો રોયો,
ડોળા કાઢમાં રે !

વેણી—તુંને કોણે કહ્યું તું રડવા ? મોટા ગધેડા રે તુંને કોણે કહ્યું
તું મરવા ! પીટયા ભુંદરા રે

અમથો—એ તો તને બ્હીવરાવવા, તને દબાવવા, હવે તો રહ્યો
છાનો હ હ હું હું રોયો.

વેણી—ગોલો ગોલો રે ગોલો તું તો નીકળ્યો પાજી ગોલો
પીટયા મારા રે, તને કોણે કહ્યું તું રડવા ! મોટા ગધેડા રે !
તને કોણે કહ્યું તું મરવા ! પીટયા ભુંદરા રે !
જા જા નીકલ પીટયા, નીકળ રોયા, નાંખીશ મારી.

અમથો—ના ના ના ના.

વેણી—ચુપ રોયો

૪૩

[illegible]—ચલો ચલો હાંરે ચલો ચલો રસોઈ બનાવે,
વહાં જાવે ઔર ન્હાવે હાં પકાવે ફીર ખાવે, ચલો.
લડુ જમાવે વાહવારે વાહવારે ક્યેસે !
સંગમે--રંગસે--અમન ચમનસે,
સુખ હાથ માર હમ તૈયાર હોજાવે. ચલો.

૪૪

સુંદરલાલ—અકૂળ થઈ જીંદગાની મારી તો હવે !
અરે રે ! પ્રિય તું દુઃખી છે મારે જવે ! થઈ.
નિચ વચનથી નિચે ફસાવ્યો,
વળશે ન કાંઈ ઉદાસ થવે ? અરે રે
પ્યાર કસોટી પુર્ણ મેં કીધી,
આજ એ વિચારે મારૂં હૃદય દ્રવે ! અરેરે !

અંક ૩ જો.

૪૫

રમણલાલ—વિદ્યા ચાવી છે સંસારની પણ અનુભવ સારો,
૧ વિદ્યા ચાવી છે ઉધ્ધારની પણ અનુભવ સારો;
કસોટી વિણ સોનું નવ પરખાયે, હીરા તણી નહીં કીંમત થાયે,
અનુભવ શક્તિ વિચારની, હાહા અનુભવ સારો; વિદ્યા.
અનુભવ વિણ સાચું નવ સમજાયે, ગોખણીયું જ્ઞાન નવ સાચું થાયે.
પુસ્તક વાંચો હજારની પણ અનુભવ સારો. વિદ્યા,

૪૬

ગુલાબ—વિભુ સ્હાય કરો મારી, આ દુઃખથી હું હારી; વિભુ.
પ્રાણ પડયા પરલોકમાં હું અહીં રઝળું હાય !
લાડક વાયો કયાં ભમે! બાલ મળે ન જરાય ! હાય! હાય ! હાય ! હાય
વિભુ.
અઢળક ધન લય પામિયું, કોડી મળે નહી પાસ,
ભિક્ષુક સ્થીતિએ પ્હોંચિયાં ઉડી ગયો નહીં શ્વાસ! હાય! હાય! હાય
હાય વિભુ.

૪૭

ગુલાબ—જાઓ નિચ પાજી ઠગબાજી તજો, જાઓ
જાળ શું બીછાવો ! જાઓ અહીં નહીં ફાવો, બીજે પ્રપંચ ચલાવો
માતા બાળને કુસંપ કરાવો, વાહ વકીલ ભંડાર ભરાવો;
ભરાવો શું કાન ! કેવી હામ ! કેવું કામ ! તજો માન-છો નાદાન;
ઠગબાજી!
નગણા નગુણા નાદાન—ગુમાન શું ધરાવો છો !
દગલબાજીની છાપ શું છપાવો છો ? ધિક ધિક્કાર ધિક્કાર !
ધિક્ક બળ્યો અવતાર--જશો નર્ક મોઝાર--કરો લાચાર ખુવાર,
જાઓ જાઓ લજાઓ ના કાળું મ્હોઢું બતાવો. જાઓ

૪૮

સખિઓ—બેની તમે આ શું કરો રે ! આ શિદ દુઃખ ધરો રે
રે મારી સમજુ ખમા ખમા; ટે૦.
વિકટ એ પ્રેમી પંથ છે, જાણો છો સઘળું બાઇ; તમે
ધીરજ ધરે સૌ કાજ સરે ક્યાં ગઈ સરવે ચતુરાઇ; તમે

૪૯

લાલભાઇ—અમન ચમનથી નાટક જોશું આનંદે આનંદે,
નાટક રંગમાં—વ્હેની તુજ સંગમં—ઉમંગ અંગમાં—
પ્રફુલિત મનમાં—આનંદે આનંદે; અમન.
મને નાટકનો છે શોખ અતિશય બે'ની,
હું શિખીશ નાટક રંગ રાગથી બે'ની,
વળી તને શિખાડીશ મારી વ્હાલી બે'ની,
જાણે તને મેલી—તું રહીશ છેલી—થઇજા પેલી--ચાલ ચાલ
વ્હેલી--આનંદે આનંદે. અમન.

૫૦

કરજી—

મને હોકો વ્હાલો લાગે, ચોરાનો ચોવટીઓ રે, દીલ્લીનો દીવાન રે
મને.
સલમતો સતુરાઇ કરે ને હોકો હરીની કાયા,
ખલેચીમાં હાથ નાખ્યો જાણે ગંગાજીમાં નાયા રે; મને
વહુને પીયર વળાવી, દીકરીને આવ્યું આણું,
આધા પાધાની વાત ન જાણું બસહું બેઠો હોકો તાણું રે. મને

૫૧

કોલી—હાલ્યા બાલીઆચી હોડી, માઝી જમના બુડાવલી પેલેતરી,
માસલાં મારૂની સાન બાઝારાંત ઈકતોસ. હાલ્યા.

૫૨

નાયકા—સિપાઈ તેરી નાલીસ કરૂંગી પોલીસમેં,
તેં મેરા બટવા ચુરાયા—બે પટવે; નાલીસ.
બટવા ચુરાયા અંગુઠી ચુરાઈ,
જોબન લુંટાયા મુફતમેં. બે પટવે નાલીસ.

અંતર—નાટક.

૫૩

સ્ત્રીઓ—સાસુ લીલુડાં ગજ પથરાવે,
મોડાતીને મંડપમાં બોલાવે;
વીરા બેનને મોકલો ને મોસાળું.
હળવે ડગ ભરજોરે રાણી.
તમારા સસરાજી સારંગપાણી,
જે માગો તે આપે આણી;
વીરા બેનને મોકલોને મોસાળું.
મારી માડીનો જાયો આવે,
મન ગમતાં મોસાળાં લાવે.
વીરા બેનને મોકલો ને મોસાળું.

૫૪

છબીલદાસ—
આછે દુઃખ બહુ કરનારા, શ્રીમંત વિવાહના ધારા; આછે.
હસી હસી સૌ આવે, હરખ જણાવે,
વાહવા વાહવા કહી ભલું મનાવે; વિવાહ.
દુઃખદ પ્રસંગે દૂર જાય નાસી. જમે ભમે તે કરતાં હાંસી,
લ્હાય લ્હાય રહી મુજ મન વરસી, આપે ન દુઃખ આરા. આછે.

૫૫

કેસર—હરી હાય લાય થાય કાયમાંય કરૂં શું !
મુંઝાવે સતાવે મનન ગમન પ્રાણ તણું હાય હાય રે! હરી !
નાદાની નાદાની ગુમાની હેરાની શિરપર દાબે હાયરે !
સુખ તજી દુઃખસજી તરફડું ફડફડું હે પ્રભુ ઝુરૂં ! હરી !

૫૬

સુંદરલાલ—
અરર તાત આ શું તમે કર્યું ? ગહન દુઃખ આ કર્મમાં જડયું !
ગુલાબ—ધિર ધરાયના આ સમે જરી ! કઠણ કાળથી થાઉં બાવરી !
ત્રસ્ટીઓ—
અરરર ક્રૂર શું આ પ્રભુ થયા ! પ્રિયજનો દુઃખી છે કરી ગયા !

૫૭

સુંદરલાલ—હર હર આ શી દશા હાય થઇ છે મ્હારી !
ઝુરૂં હું તો બળું રે તરફડું હું ! હર
લાચાર થયો હું સુઝે નહીં કાંઇ.
મતિ મ્હારી હારી રે આ શી ખ્વારી રે ! હર

૫૮

વેણી—પ્રાણ આ શું કરો પ્રાણ આ શું કરો !
પ્રાણ રીસાઇ જાઓ શું દુઃખ હરો—આમ કરો.
સુંદર—શાન્તિ તમ્જે નહિ ધીર ધરો—પ્રાણ.
વેણી—નમી નમી યાચું પ્રાણ જુઓ,
દયા આણી ભીની આંખ લુઓ;
સુંદર—જારે જારે જારે જારે
જારે જારે પજવના સુંદરી આવાર—મને લગાર
હેરાની નાહાની દુઃખ ધરો—પ્રાણ.

૫૯

વેણી—ગડપડ સડબડ બડબડ ના કર જારે !
હઉં છકકડ,
અમથો—હું અકડ હું ફકડ.
વેણી—છોડ ઝકડ;
અમથો—ધુત્તેરી હત્તેરી જા તેરી
વેણી—વાંદરજી—ગડબડ
અમથો—રાખ સુંદર શીકલની કંઇ જાણ,
વેણી—વાંસો ડુંગર જોજો પેટ ખાણ,
જીભવાંકી હોઠ જાડા મોટું મ્હોટું આંખ ખાડા
નિચ તોફાની તું અહીંથી જારે—ગડબડ.

૬૦

મારાઓ—બસ બસ મારો મારો અબ શિકારકું કયા દેર
મુસ્કેલીકા કામ મીલા અચ્છા દામ બનું નવાબ
આતા કયા ખ્વાબ—બસ.
ચલના ચલના ધીરે ધીરે છુપકે હાં હાં ચુપરે વાતા
કરના વરના મુરાદપાર—બસ.

૬૧

ગ —મનહરનારી-પ્રીય છબી તારી-પ્રીયકરનારી-સુંદર પ્યારી;
ણી—તમ સરદારી-છે સુખકારી-દુઃખહરનારી--પ્રિય પતિ ભારી,
ંદરલાલ—પ્રીતિની પાલણહારી સાક્ષી દે મુદ્રીકા મારી,
ણી—વીસારી વીસારી શું જાય વિપતિ એથી વીદારી;
ુંદરલાલ—નિવારી ગિરધારી દશા પાવા સુધા પ્રીતીવારા; પ્રીય છબી
સંકટની રહેનારી નારી, ખુબી તારી ન્યારી ન્યારી;
વેણી—વારી વારી થાઉં પીયુ પરથી હું વારી વારી
સુંદરલાલ—ધારી ધારી સારી ખુબી, હું હવે રાખું સંભારી. પ્રીય છબી

નાચ.

૬૨

સારંગના—આજે આનંદ થયો ભારી ખુશાલી થઇ,
આનંદ આનંદ થયો છે જય જય.
થેઈ થેઇ કરે નરનારી—ખુશાલી થઇ,
દાશ કૃપાએ પૂર્ણ થયું આ.
ગોવીંદ ગુણ બલીહારી—ખુશાલી થઇ.

૬૩

છબીલદાસ—પ્રાણપ્રિયા માહા સુખકર અવસર.
કેસર-ગુલાબ—વિકટ સંકટ વામ્યાં પામ્યાં કૃપા ગિરવર; પ્રાણ
સુંદરલાલ—મળી પ્રિયા સુખખાણ,
વેણી—ઉગ્યો મારો-સુખભાણ,
સુંદરલાલ—છો ગુણવાન,
વેણી—હું અજાણ
સુદરલાલ—પ્રિયપ્રાણ;
સર્વે-દ્રષ્ટી અમીની કરી વિશ્વંભર જય જય જય જય હે દયાવાન. પ્રાણ

સમાપ્ત.